# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 14-05-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

******************************************************

1. **નવી દિલ્હીમાં બ્રિક્સ દેશોના વિદેશ મંત્રીઓની બે દિવસીય બેઠક શરૂ.**
2. **CBI એ કથિત NEET- UG પેપર લીક કેસમાં ચાર મુખ્ય આરોપીઓની ધરપકડ કરી.**
3. **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે NDRF એ બે દાયકાના ટૂંકા ગાળામાં દેશના નાગરિકોનો વિશ્વાસ જીત્યો.**
4. **અમેરિકા અને ચીને હરીફ નહીં પણ ભાગીદાર બનવાના સૂર સાથે ટ્રમ્પ - જિનપિંગની બેઠક.**
5. **કેન્દ્રએ ખાંડની નિકાસ પર 30 સપ્ટેમ્બર સુધી પ્રતિબંધ મૂક્યો.**
6. **શેરબજારમાં તેજીનો માહોલ..સેન્સેક્સ 800 અંક ઉછાળો.**

.....................................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને ૩૦ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# FUR. REV.DAY-BRICS FM MEETING

નવી દિલ્હીમાં બ્રિક્સ દેશોના વિદેશ મંત્રીઓની બે દિવસીય બેઠક ચાલી રહી છે. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર તેની અધ્યક્ષતા કરી રહ્યા છે. આ બેઠકમાં બ્રિક્સ દેશોના વિદેશ મંત્રીઓ અને સભ્ય અને ભાગીદાર દેશોના પ્રતિનિધિમંડળોના વડાઓ ભાગ લઈ રહ્યા છે. ભારતની અધ્યક્ષતામાં આ વર્ષની બેઠક "સ્થિતિસ્થાપકતા, નવીનતા, સહકાર અને ટકાઉ વિકાસ માટે નિર્માણ" થીમ પર આધારિત છે. આ થીમ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માનવતા-પ્રથમ અને લોક-કેન્દ્રિત દ્રષ્ટિકોણથી પ્રેરિત છે.

આ પ્રસંગે, વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે જણાવ્યું કે શાંતિ અને સુરક્ષા વૈશ્વિક વ્યવસ્થાના મૂળમાં છે. તેમણે ભાર મૂક્યો હતો કે તાજેતરના સંઘર્ષોએ સંવાદ અને રાજદ્વારીતાના મહત્વને વધુ પ્રકાશિત કર્યું છે. તેમણે ભાર મૂક્યો કે આ જટિલ અને અનિશ્ચિત વિશ્વમાં, સમાનતાના સિદ્ધાંતો અને સામાન્ય પરંતુ અલગ જવાબદારીઓને જાળવી રાખીને ચર્ચાઓ ટકાઉ વિકાસ તરફ દિશામાન થવી જોઈએ.

[BITE- S/B- DR S JAISHANKAR]

આ બેઠકમાં બ્રાઝિલ, ઈરાન, ઇન્ડોનેશિયા, મલેશિયા, સયુક્ત આરબ અમીરાતના વિદેશ રાજ્યમંત્રી અને દક્ષિણ આફ્રિકાના વિદેશ મંત્રી રોનાલ્ડ લામોલા સહિત અન્ય લોકો હાજરી આપી રહ્યા છે. બેઠક દરમિયાન, બ્રિક્સ દેશોના વિદેશ મંત્રીઓ પરસ્પર હિતના વૈશ્વિક અને પ્રાદેશિક મુદ્દાઓ પર ચર્ચા કરશે. તેઓ આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે પણ મુલાકાત કરશે.

# PM VISIT TO UAE

શુક્રવારે અબુ ધાબીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જ્યારે સયુક્ત આરબ અમીરાતના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાનને મળશે ત્યારે ભારત અને યુએઈ તેમની મજબૂત ભાગીદારીને નવી ટોચે પહોંચાડશે. આ મુલાકાત બંને દેશો વચ્ચે ઉચ્ચ સ્તરીય સંબંધોને વધુ મજબૂત બનાવવાના એક વર્ષ પછી થઈ રહી છે, જેમાં તાજેતરમાં આ વર્ષે જાન્યુઆરીમાં યુએઈના રાષ્ટ્રપતિની નવી દિલ્હીની મુલાકાતનો સમાવેશ થાય છે, જે છેલ્લા દાયકામાં શેખ મોહમ્મદની ભારતની પાંચમી યાત્રા હતી અને યુએઈના રાષ્ટ્રપતિ તરીકે તેમની ત્રીજી સત્તાવાર મુલાકાત હતી.

# CBI-ARREST

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન, CBI એ કથિત NEET-UG 2026 પેપર લીક કેસના સંદર્ભમાં ચાર મુખ્ય આરોપીઓની ધરપકડ કરી છે. આરોપીઓની ઓળખ માંગીલાલ બિવાલ, દિનેશ બિવાલ, હરિયાણા નિવાસી યશ યાદવ અને માંગીલાલના પુત્ર વિકાસ તરીકે થઈ છે. ચારેયની ગઈકાલે જયપુરથી ધરપકડ કરવામાં આવી હતી અને મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. બાદમાં તેમને ટ્રાન્ઝિટ રિમાન્ડ પર લેવામાં આવ્યા હતા અને વધુ પૂછપરછ માટે દિલ્હી ખસેડવામાં આવ્યા હતા.

તપાસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, આરોપી યશ યાદવ અને વિકાસ અગાઉ રાજસ્થાનના સીકર જિલ્લામાં એક કોચિંગ ઇન્સ્ટિટ્યૂટમાં સાથે અભ્યાસ કરતા હતા. CBI હવે કોચિંગ સંસ્થાઓ, વચેટિયાઓ, વિદ્યાર્થીઓ અને આરોપીઓ સાથે સંકળાયેલા અન્ય વ્યક્તિઓ વચ્ચેની કડીની તપાસ કરી રહી છે.

# SHAH NDRF

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ - NDRF એ બે દાયકાના ટૂંકા ગાળામાં દેશના 140 કરોડ નાગરિકોનો વિશ્વાસ જીત્યો છે.

આજે ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદમાં NDRF ના, રાષ્ટ્રપતિ ધ્વજ અનાવરણ સમારોહમાં શ્રી શાહે જણાવ્યું કે જ્યારે પણ દેશમાં ક્યાંય પણ આપત્તિ આવે છે અથવા કોઈ નિકટવર્તી આપત્તિનો સંકેત આપે છે, ત્યારે NDRF ની હાજરી લોકોને સુરક્ષિત અનુભવ કરાવે છે. તેમણે ઉમેર્યું કે રાષ્ટ્રપતિ ધ્વજ પુરસ્કાર મેળવવો એ કોઈપણ સશસ્ત્ર દળ માટે ગર્વની વાત છે. શ્રી શાહે ઉમેર્યું હતું કે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પણ આપત્તિઓ દરમિયાન NDRF, SDRF, પંચાયતો, રાજ્ય સંસ્થાઓ, NCC, NSS અને હજારો આપદા મિત્રના પ્રયાસોની પ્રશંસા કરી છે.

## (BYTE- AMIT SHAH)

શ્રી શાહે જણાવ્યું હતું કે જ્યારે પણ NDRF ના કર્મચારીઓ રાહત અને બચાવ કામગીરી માટે વિશ્વમાં ગમે ત્યાં મુસાફરી કરે છે, ત્યારે તેમને હંમેશા લોકોનો પ્રેમ અને વિશ્વાસ મળે છે. શ્રી શાહે કહ્યું કે NDRF ના વીસ વર્ષ ફક્ત બે દાયકાની ભવ્ય સિદ્ધિઓનો સમયગાળો નથી પરંતુ આ સમયગાળા દરમિયાન દળને તેના પ્રશંસનીય કાર્ય માટે રાષ્ટ્રપતિ તરફથી સન્માન પણ પ્રાપ્ત થયા છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# DAY CHOUHAN - PUNJAB CM

પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનએ ગઈકાલે નવી દિલ્હીમાં કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ ચૌહાણ સાથે મુલાકાત કરી. તેમણે રાજ્યની ખેતીની સમસ્યાઓ વિશે કેન્દ્રીય મંત્રીને માહિતગાર કર્યા હતા. શ્રી ચૌહાણે મુખ્યમંત્રીને ખાતરી આપી કે કેન્દ્ર સરકાર પંજાબના ખેડૂતોના કલ્યાણ માટે પ્રતિબદ્ધ છે.

તેમણે કહ્યું હાઇબ્રિડ ડાંગરના બીજના મુદ્દાની તપાસ કરવા અને રાજ્યમાં સરળ ખરીદી કામગીરી સુનિશ્ચિત કરવા એક વિશેષ સમિતિની રચના કરાશે. દરમિયાન શ્રી માનએ જણાવ્યું કે પંજાબ સરકાર હવે મકાઈ, કઠોળ, તેલીબિયાં, સૂર્યમુખી અને બાજરી દ્વારા પાક વૈવિધ્યકરણને પ્રોત્સાહન આપી રહી છે.

# REV DAY TRUMP-CHINA VISIT

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના ચીની સમકક્ષ શી જિનપિંગે આજે ઈરાનમાં યુદ્ધ અને દ્વિપક્ષીય વેપાર ઘર્ષણ સહિતના વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે "અત્યાર સુધીની સૌથી મોટી ચર્ચા" શરૂ કરી છે. ગઇકાલે રાત્રે બેઇજીંગ પહોંચેલા રાષ્ટ્રપતિ ટ્રમ્પ, સાથેની તેમની આજની પહેલી મુલાકાતમાં જિંનપિંગએ કહ્યું કે તેઓ તેમની સાથે લંબાણપૂર્વકની ચર્ચા  કરવા આતુર છે. અમેરિકાના રાષ્ટ્રપતિએ કહ્યું કે અમેરિકા અને ચીનનું ભવિષ્ય ઉજ્જવળ રહેશે.

શી એ, અગાઉ ટ્રમ્પનું ઔપચારિક ગાર્ડ ઓફ ઓનર સાથે સ્વાગત કર્યું હતું, તેમણે કહ્યું કે તેઓ અપેક્ષા રાખે છે કે 2026 એક "ઐતિહાસિક, સીમાચિહ્નરૂપ વર્ષ" બનશે જે ચીન-અમેરિકા સંબંધોમાં એક નવો અધ્યાય શરૂ કરશે. શીએ તેમના પ્રારંભિક ભાષણમાં કહ્યું કે ચીન અને અમેરિકાના મતભેદો કરતાં વધુ સામાન્ય હિતો છે. ચીન અને અમેરિકાએ હરીફોને બદલે ભાગીદાર બનવું જરૂરી છે.

# RUSSIA ATTACK ON UKRAINE

રશિયાએ સમગ્ર યુક્રેન પર મોટા પાયે ડ્રોન અને મિસાઈલ હુમલો કર્યો છે. રશિયાએ બુધવારે સવારથી મધ્યરાત્રિ બાદ સુધી સતત હુમલા કરીને તબાહી મચાવી દીધી. આ હુમલાઓમાં ઓછામાં ઓછા 14 લોકોના મોત થયા અને 80થી વધુ નાગરિકો ઘાયલ થયા. રાજધાની કીવમાં રશિયાના હુમલાથી એક રહેણાંક ઇમારત ધરાશાયી થઈ ગઈ. આ ઇમારતના કાટમાળ નીચે દટાયેલા 10 લોકોને બચાવવામાં આવ્યા. એક વ્યક્તિનું મોત થયું અને 16 અન્ય ઘાયલ થયા.

# CENTRE - SUGAR

સરકારે તાત્કાલિક અસરથી સપ્ટેમ્બર 2026 અથવા આગામી આદેશો સુધી વિવિધ પ્રકારની ખાંડની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો છે. વિદેશ વ્યાપાર મહાનિદેશાલયની સત્તાવાર જાહેરાત મુજબ ખાંડની નિકાસ નીતિમાં સુધારો કરાયો છે. આ પ્રતિબંધ યુરોપિયન યુનિયન - EU અને અમેરિકાને CXL અને TRQ ક્વોટા, એડવાન્સ ઓથોરાઇઝેશન સ્કીમ -AAS અને અન્ય દેશોની ખાદ્ય સુરક્ષા જરૂરિયાતોને પહોંચી વળવાના શિપમેન્ટ હેઠળ નિકાસ કરવામાં આવતી ખાંડ પર લાગુ પડશે નહીં. નવી જાહેરાત હેઠળ પહેલાથી જ ઉપલબ્ધ જથ્થાને પણ મુક્તિ આપવામાં આવી છે.

# MARKETS

ભારતીય શેરબજાર હાલમાં 800થી વધુ અંકોના ઉછાળા સાથે કારોબાર કરી રહ્યું છે.ચીનમાં ટ્રમ્પ અને જિનપિંગની મુલાકાત સહિતના મુદ્દાને શેરબજારે હકારાત્મક સ્વરૂપે લેતા મોટાભાગના શેરોમાં ઉછાળો જોવા મળ્યો હતો. નિફ્ટીમાં પણ 260 કરતાં વધુનો ઉછાળો જોવા મળી રહ્યો છે.

# IPL CRICKET

IPL ક્રિકેટમાં, આજે પંજાબ કિંગ્સ ધર્મશાળાના હિમાચલ પ્રદેશ ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમમાં મુંબઈ ઈન્ડિયન્સનો સામનો કરશે. મેચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે.